# <u>ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ</u>

## <u>ગાંધીનગર</u>

## <u>કાર્યાલય આદેશ</u>

વિષય: <u>જૈવિક તબીબી કચરો ઉત્પન્ન થતો હોય તેવા તમામ નોન બેડેડ હેલ્થ કેર યુનિટસ (HCU) તથા 30થી ઓછા બેડ ધરાવતા હેલ્થકેર યુનિટસને પાણી અધિનિયમ-૧૯૭૪, હવા અધિનિયમ-૧૯૮૧ હેઠળ કન્સેન્ટ અને જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ અંતર્ગત ઓથોરાઈઝેશન આપવા બાબતે.</u>

જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ અંતર્ગત તમામ હેલ્થકેર યુનિટસને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી ઓથોરાઈઝેશન મેળવવું ફરજીયાત છે. સદર નિયમો હેઠળ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) દ્વારા નિયમોના અમલીકરણ માટે ગાઈડલાઈન અને Tool Kits પણ પ્રસિદ્ધ કરેલ છે. સીપીસીબીની ગાઈડલાઈન પ્રમાણે 30થી ઓછા બેડ ધરાવતા હેલ્થકેર યુનિટે લાયકાત ધરાવનાર વ્યક્તિને નિયમોના અનુપાલન માટે નિયુક્ત કરી તેને જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન માટેની સઘળી જવાબદારી સોંપવાની રહે છે.

રાજ્યમાં થોડા વર્ષોમાં જોવા મળેલ હેલ્થ કેર સેક્ટરમાં વૃદ્ધિના કારણે હેલ્થકેર યુનિટસની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતા, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ઓથોરાઇઝેશનની અરજીઓમાં ઘણો વધારો જોવા મળેલ છે. વધુમાં સીપીસીબીની ગાઈડલાઈન પ્રમાણે દૈનિક ૧૦૦ કીલોલીટરથી ઓછા ગંદાપાણી ઉત્પન્ન કરતા HCUનો ઓરેન્જ કેટેગરીમાં સમાવેશ થાય છે. આથી, નાના હેલ્થકેર યુનિટસને વધુ સરળતાથી અને ઝડપી બોર્ડની મજૂરી/ ઓથોરાઇઝેશન મળી શકે તે માટે **Ease of Doing Business** અંતર્ગત નીચે પ્રમાણે નિર્ણય લેવામાં આવે છે.:-

1. તમામ નોન-બેડ અથવા 30થી ઓછી સંખ્યામાં બેડ ધરાવતા HCUની પાણી અધિનિયમ-૧૯૭૪, હવા અધિનિયમ-૧૯૮૧ હેઠળ કન્સેન્ટ અને જૈવિક તબીબી કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ અંતર્ગત ઓથોરાઈઝેશન મેળવવા માટેની અરજીનો પ્રાદેશિક અધિકારી દ્વારા અરજી સાથે મળેલ દસ્તાવેજોનું

વેરિફિકેશન કરીને, ગુણદોષના આધારે સ્થળતપાસ વિના HCUને જરૂરી શરતો સાથે કન્સેન્ટ અને ઓથોરાઈઝેશન આપવાનું રહેશે.

2. ઉપરોક્ત કેસમાં પ્રાદેશિક અધિકારી દ્વારા કન્સેન્ટ અને ઓથોરાઈઝેશનની અરજીનો મહત્તમ ૧૫ દિવસમાં નિયમોની જોગવાઈઓને આધિન નિર્ણય કરવાનો રહેશે.
3. આવા તમામ કેસમાં પ્રાદેશિક અધિકારી દ્વારા કન્સેન્ટ અને ઓથોરાઈઝેશન આપ્યાના ૯૦ દિવસની અંદર જે-તે HCUની સ્થળતપાસ કરી નિયમોના અનુપાલનની ખરાઈ કરવાની રહેશે.
4. સીપીસીબીની ગાઈડલાઈન પ્રમાણે, 30થી ઓછા બેડ ધરાવતા હેલ્થકેર યુનિટ દ્વારા નિયુક્ત કરેલ વ્યક્તિએ કન્સેન્ટ અને ઓથોરાઈઝેશનની શરતોના અનુપાલન માટેની સઘળી કામગીરી કરવાની રહેશે.

D.M.Thakar

ડી.એમ. ઠાકર

(સભ્ય સચિવ)

નં: BMW/ C-199/ 01-2025

તા: 21.01.2025

પ્રતિ,

તમામ પ્રાદેશિક અધિકારી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ.

નકલ રવાના:

૧. અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ.

૨. સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ.

૩. આઈ.ટી. શાખાના વડા, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ... બોર્ડની વેબસાઈટ, XGN તેમજ XPN પર પ્રસિધ્ધિ માટેની કામગીરી કરવા વિનંતી.

૪. કાયદા શાખાના વડા, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ.

૫. તમામ શાખાના વડા, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ.